નિઝામી ગ્રંથમાળા નંબર ૫.

ઇસ્લામની ખુબીઓ.

છપાવી પ્રગટ કરનાર.

નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરૈશી.
માલેક-નિઝામીયા બુક ડેપો.
પાંચપટી—અમદાવાદ.

આવૃતી બીજી   પ્રત ૧૦૦૦

સપટેમ્બર ૧૯૧૪ શવ્વાલ ૧૩૩૨

કીમત બે આના.

આ પુસ્તક પાંચપટી અમદાવાદમાં આવેલા ધી નિઝામીયા પ્રી. વર્કસમાં
મી. નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરૈશીએ છાપ્યું.

બે બોલ.

“ઇસ્લામ કી ખુબીયાં” નામનું ઉરદુ પુસ્તક વડોદરા વાળા પ્રખ્યાત હમદર્દે કોમ જનાબ નવાબ મીર સઅદદીન હુસેનખાન સાહેબ બહાદુરે લખ્યુ હતુ જે અસાધારણ રીતે ઘણુંજ પ્રખ્યાત થઈ ચુકયુ છે. હાલના સચીનના નાયબ દીવાન અને વિદ્વાન લેખક પીરઝાદા મોટામીયાં સાહેબે મજકુર પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર કર્યું હતું અને તેની હજારો કોપીઓ હાથો હાથ ખપી ગઇ હતી. અમોએ આજે તેની બીજી આવૃત્તી પ્રગટ કરી છે. આશા છે કે ઇસ્લામી ભાઇઓ આવા અતી ઉપયોગી પુસ્તકની કદર કરશે.

પ્રગટ કર્તા.

ઇસલામની ખુબીઓ.

પરમ કૃપાળુ પરમેશ્વરના નામથી આરંભ.

પરમેશ્વરે જે કર્મો કરવાનો હુકમ ફરમાવ્યો છે તેને અવામિર (આજ્ઞાઓ) કહે છે. મુસલમાની ધર્મમાં આવી પાંચ મોટી આજ્ઞાઓ છે કે જે ૧ કલમો, ૨ નમાઝ ૩ રોઝા, ૪ ઝકાત ૫ હજ વિગેરે નામથી ઓળખાય છે. તેને પંજ રૂકને ઇસલામ એટલે ઇસલામના પંચ સ્તંભ પણ કહે છે. આ પાંચ આજ્ઞાઓ અમારા ઉપર ફરજ તરીકે એટલે આવશ્યક કરવામાં આવી છે. ફરજ એ છે કે જેના નહિ કરવાથી અમે અતિ પાપી અને ઇશ્વરી કોપને લાયક ગણાઇએ છીએ.

ઇસ્લામનો પહેલો રૂકુન (સ્તંભ) કલમો છે.

એટલે કે પરમેશ્વરના એક હોવાનું માન્ય કરી. **હજરત પેગમ્બર** (ઇશ્વરી આજ્ઞાઓના પ્રસાર કરનાર) સાહેબની **પેગમ્બરી** (સિધ્ધી) ને શુદ્ધ અંતઃકરણથી સત્ય જાણવી.

અશહદો અન લા ઇલાહા ઇલ લલ્લાહ " હું સાક્ષી પૂર્વક ઉચરૂં છું કે ખરેખર નથી કોઇ પૂજવા લાયક પણ પરમેશ્વર '

અશહદો અન્ન મોહમદન અબ્દહુ વ રસુલહુ " હું સાક્ષી પૂર્વક ઉચરૂં છુ કે ખરેખર **હઝરત મોહમદ** સાહેબ તેના બંદા (સેવક) છે, અને તેના રસુલ (આજ્ઞા લાવનારા) છે," અમોને પરમેશ્વરે પહેલી આજ્ઞા એ સંભળાવી છેકે, અમે તેના સિવાય બીજા કોઇની પુજા ન કરીએ, અને તેને **વાહેદ** (એકલો) **હૈવલકય્યુમ** (નિત્ય સિધ્ધ) **ખાલિક** (સરજનહાર) **રાઝિક** (પાલન કર્તા) **કાદિર** (સરવ શકિતમાન) **અલીમ** (સરવજ્ઞ) **સમીઅ** (સરવ શ્રોતા) **બસિર** (સરવ દર્શી) વગેરે નામથી સ્વીકારીએ.

વળી આ બાબત એવી સ્પષ્ટ અને સરળ છે કે તે દરેકના મનમાં ઠસી જાય છે. અને તેથી લોકોને ખાત્રી થઇ જાય છે કે, ખરેખર આ વાત સાચીજ હોવી જોઇએ. કારણ કે જો બે ઇશ્વર હોય તો સૃષ્ટિનો કારભાર એકજ પદ્ધતિ, અને એકજ નિયમ ઉપર કદી પણ ચાલી શકે નહિ, જેમકે એક ઉદાહરણ તરીકે

એક ઇશ્વર ચાહે કે આજે સુર્ય ન નીકળે, અને બીજો ચાહે કે આજે ચંદ્રમાં ન નીકળે, તો આથી બન્નેના કાર ભારમાં જરૂર ખલલ, અને અવ્યવસ્થા થવાનો સંભવ છે. અને જો એક ઇશ્વરના કહેવા ઉપર બીજો ઇશ્વર રાજી થતો દેખાય, અને તેની મરજી પ્રમાણે ચાલે તો, તે તેનો આજ્ઞાધિન એટલે તાબેદાર ગણાય છે. અને જ્યારે તે કોઇનો (આજ્ઞાધિન) થયો, એટલે તે પરમેશ્વર કહેવાયજ નહિ.

હઝરત આદમ કે જે સૃષ્ટીના પહેલાં પુરૂષ ગણાય છે, તેમના સમયથી તે અત્યાર સુધી જેટલા પેગમ્બરો (ઇશ્વરી આજ્ઞા પહોંચાડનારાઓ) થયા, તેઓ સર્વની શીખામણ અને બોધ એજ હતાં કે પરમેશ્વરને " એક " જાણવો. અને તેની કૃતી, અને શકિતને ન્યારી અને સ્વતંત્ર સમજવી કેમકે જો તેનું બળ બીજા સાધારણ પ્રાણીના બળની બરાબર ગણવામાં આવે, તો પછી પરમેશ્વરમાં અને તેમાં શો ફેર ? માટે પરમેશ્વર તે પરમેશ્વર તેના ગુણો અને તેની શકિત બીજા કોઇ સાધારણ પ્રાણીમાં કદી હોયજ નહી અને એ ગુણો અને શકિતઓ એ છે કે તે પોતે **વાહેદ** છે, **હૈવકય્યુમ** **ખાલિક** છે **રાઝિક** છે **કાદિર** છે, **અલીમ** છે, **સમીઅ** છે અને **બસીર** છે.

પરમેશ્વર **વાહેદ** કહેવાય છે. " વાહેદ " નો અર્થ " એકલો " થાય છે. ન એને માબાપ છે, ન સ્ત્રી છોકરાં, તે પોતે એકલો અને સ્વતંત્ર છે; તેનો કોઇ ભાગી દાર નથી. તે પોતે **હૈવકય્યુમ** પણ કહેવાય છે; **હૈવકય્યુમ** એટલે તે હમેશાં " અમર અને અવિનાશી "

છે. સર્વ વસ્તુઓ નાશ પામી જશે, પરંતુ તે પોતે અહરનીશ કાયમજ રહેશે. તેને **ખાલિક** પણ કહેવામાં આવે છે. **ખાલિક** એટલે તે પોતે સરવ વસ્તુઓનો "પેદા કરનાર" છે. આકાશ, પ્રથ્વી, ચંદ્રમા, સુરય, માણુસ, પશુ, પક્ષી અને બીજા સરવ પદાર્થો એણેજ બનાવ્યાં છે. એનું એક નામ **રાઝિક** છે. **રાઝિક** એટલે "રોજી પહોંચાડનારો." તે પોતે દરેક પ્રાણીને ખોરાક પુરો પાડી તેનું પાલણ પોષણ કરે છે અને તેનું રક્ષણ કરે છે. વળી તે **કાદિર** પણ કહેવાય છે કાદિર એટલે "સર્વ શકિત માન." તે પોતે સરવ વસ્તુઓ ઉપર પોતાની સર્વો પરી સતા ધરાવે છે એટલુંજ નહીં પણ તે જે ચાહે તે કરી શકે છે, અને સારા તેમજ નરસાનો માલિક પણ પોતેજ છે. વળી **અલીમ** નો ગુણ પણ તેનેજ લાગુ પડે છે. **અલીમ** એટલે "સરવજ્ઞ" તે પોતે સરવ ચીજોથી વાકેફ છે. જાહેર અને ગુપ્ત, ભૂત અને ભવિષ્ય, વીગેરે કોઈ ચીજ તેના જાણવા બહાર નથી. તે પોતે **સમીઅ** પણ કહેવાય છે. **સમીઅ** એટલે "સર્વ શ્રવણ કરનાર." તે ઝીણામાં ઝીણો સાદ સાંભળી શકે છે અને સમજી શકે છે. તે **બસીર** પણ કહેવાય છે. **બસીર** એટલે "સર્વ નીહાળનાર" તે પોતે ગુપ્ત તેમજ જાહેર વસ્તુઓને ચાહે તો એક્કા વખતે જોઈ શકે છે પછી તે સો પડદામાં કેમ ન હોય.

આ સર્વ ગુણો પરમેશ્વર સિવાય બીજા કોઇમાં નથી. અને આજ મત મુસલમાનો માને છે. અને જે કોઇ ઇશ્વરને કોઇની મદદનો ગરજાઉ અથવા કોઇનો ભાગીદાર જાણેછે તે **મુશરિક** એટલે દેવનિંદક અથવા નાસ્તિક છે.

૭

શ્રદ્ધા તથા વિશ્વાસ લાવવાની શરતો.

મુસલમાનોનું પહેલું શિક્ષણ પરમેશ્વરની **વહેદાનિયત** એટલે એકત્વતા ઉપર વિશ્વાસ લાવવો તે છે; અને તેટલા માટે સૌથી જરૂરની શરત એ છે કે જ્યારે ખરા અંતઃકરણથી સાચું બોલવામા આવે અને જીભે કરાર કરવામાં આવે ત્યારેજ ખરા મુસલમાન કહેવાય.

શાસ્ત્રમાં ફરમાવ્યું છે કે "**તસદીકુન બિલ કલ્બે વ ઇકરારૂન બિલ લિસાન**" "સાચુ જાણવું અંતઃકરણથી, અને કરાર કરવો જીભથી." જે માણસ જીભથી કોઇ ચીજને સારી કહેતો હોય, અને ખરા મનથી કબુલ કરતો ન હોય, તો તે માણસ **મુનાફિક** એટલે દુષ્ટ પાપી ગણાય છે. તેની જીભનો શો બરૂસો ! અને તેના વચનનો શો ઇતબાર ! ઇશ્વર જાણે તે શીમતલબથી આવું કહેતો હશે ! અને તેના પેટમાં શાં શાં કાવતરાં બરેલાં હશે! અને જે માણસ કોઇ વસ્તુને અંદરથી સારી સમજતો હોય પરંતુ જીભે કબુલ કરતો ન હોય તો તે લુચ્ચો તથા દગલબાજ ગણાય છે. ઇશ્વર જાણે કેમ તે સારી વાતને અંદર ખાને સારી ગણે છે, અને જીભથી ઇનકાર કરે જાય છે! કાંઇ ઇસલામ ઉપર શ્રદ્ધા લાવવા, અને ઇમાન કબુલ કરવા માટેજ આ શરત નથી. પરંતુ દુનિયાના દરેક કામ કાજમાં આ શરતની જરૂર પડે છે. આ શરત નહીં પાળનારના કાઇ [illegible]

માણસને ઘટે છે કે તે પોતાનો બહારનો તથા અંદરનો દેખાવ એક સરખોજ રાખે, અને જે અંતઃકરણમાં હોય તેજ હોઠે લાવે બાકી તો મુખે "મિત્ર" કહે, અને અંદરખાને તેનો શત્રુ રહે તો આવા માણસને લુચ્ચા અને ઢોંગી સિવાય બીજી શી ઉપમા આપી શકાય ? કોઇના સમક્ષ તેના ગુણ ગાવા, અને પુંઠ પછવાડે તેની નિંદા કરવી તે અતિશે નાલાયકી ભરેલું છે. જેવી રીતે કે હાલના જમાનાના કેટલાક મુસલમાન ગૃહસ્થો કે જે જ્યારે અનજુમનની સભામાં એકઠા થાયછે, ત્યારે વાહ વાહના પોકારથી તમામ મહેફિલ ગજાવી મુકે છે, પણ જેવા તેઓ સભાગૃહની બહાર પગ મુકે છે કે લાગલાજ નીંદા કરવા મંડી પડે છે, અને અનેક તરેહના વિઘનો નાખી લોકોના મનમાં દ્વેષ ઉત્પન્ન કરાવવા ચુકતા નથી. કોઇ વખતે અનજુમનના હિમાયતી બને છે. અને કોઇ વખતે તેને જડમૂળથી ઉખેડી નાખવા તત્પર થાય છે. ઘડીમાં સ્નેહબુદ્ધી દેખાડે છે. અને ઘડીમાં દ્વેષબુદ્ધી. તેથી આવી આવી બાબતોથી સ્પષ્ટ જણાઇ આવે છે કે આવા માણસોની વાતનો તદન ભરૂસો ન રખાય, અને તેઓના મનની સ્થીરતાનું ઠેકાણુંજ ન કહેવાય. જેવી રીતે તળીઆ વિનાનો ઘડો કે જે ઘડીમાં આ તરફ ગબડી પડે છે તો ઘડીમાં પેલી તરફ તેમ આ દગલબાજ, કપટી, સ્વારથી, અને દ્વિમુખી એટલે બે મુખવાળા લોકો આમથી આમ અને આમથી આમ ભમે છે; અને નકામી વાતો ભીડાવે છે. જેમની જીભ પર કંઇ જુદું, અને મનની અંદર કાંઇ જુદું, જેમની જાહેરની વર્તણુંક જુદી, અને અંદરની વર્તણુંક જુદી, તેવાઓને કેવાં વિશેષણો આપવાં તે સમજાતું નથી કોઇએ કહ્યું છે કે; " દોરંગી ત્યાગીને એક રંગ થઇજા; ચાહે તો ભીણુ મા લોહરંગ થઇજા.

કોઇ સ્ત્રી જાહેરમાં અમુક પુરૂષને પોતાનો પિતા અથવા ભ્રાતા જણાવે, અને છુપી રીતે તેની સાથે ખોટો વ્યવહાર ચલાવે, તો તેના ઉપર આપણને કેટલો ગુસ્સો લાગશે? તેવીજ રીતે જે માણસ જાહેરમાં કાંઇ કહે છે, અને અંદરખાને કાંઇ જુદો ખ્યાલ રાખે છે તેના ઉપર પણ એવો બોધ આવ્યા વિના રહેશે નહીં. ઇસલામના પહેલા પગથીએજ અમારી સામે એ શરત રજુ કરવામાં આવે છે કે, " અંતઃકરણથી જીભને જુદી ન કરો, અને જે અંતકરણમાં હોય તેજ જીભ ઉપર લાવો." આ વાત જ્યારે અમારી વર્તણુંકમાં પસરી જાય તો પછી શુ જોઇએ? આથી તો માત્ર પરમેશ્વરની નજદીક અમે પ્રમાણીક ઠરીશું એટલુંજ નહીં, પરંતુ દુનિયામાં પણ દરેક માણસ અમારી વાત તથા વચન ઉપર સચ્ચાઇને લીધે ભરૂસો કરશે. અને તેથી અમારી પ્રસિધ્ધી દિન પ્રતિ દિન વૃદ્ધી પામતી જશે. અને અમારી આવી વર્તણુંક માટે બીજા ધર્મવાળાઓ પણ ધન્યવાદ આપશે એટલુંજ નહિ, પરંતુ પોતાનો જીવ અર્પણ કરવા પણ તૈયાર થશે. સારાંશ કે આ શરત અમારે ખાસ કરીને ધ્યાનમા રાખવી જોઇએ. આ શરતની જરૂર તથા આવસ્યકતા અમોને દરેક કાર્યમાં પડે છે. અને આ શરત પ્રમાણે વર્તી તે ઉપર અમલ કરવાથી અમારો સંસાર, તેમજ ભાવી બન્ને સુધરી શકે છે.

ખરા અંતકરણની શ્રદ્ધા.

અમો જ્યારે અંત:કરણ અને જીભને એક સરખાં કરી લઇ, પરમેશ્વરની એકત્વતા, તેની શકિત અને પ્રભાવ, અને તેના બીજા સર્વ ગુણોને માન્ય કરી લઇએ, અને કબુલ કરી લઇએ કે, આવું ગૌરવ પરમેશ્વર સિવાય બીજા કોઇમાં નથી ત્યારેજ અમો "મુસલમાન" શબ્દને પાત્ર થઇ શકીએ. આ કરારનામાને અરબી ભાષામાં શંક્ષિપ્ત રીતે નીચે મુજબ: દર્શાવ્યો છે. **આમન્તો બિલ્લાહે કમા હોવા બે ઇસ્માએહી વ સિફાતેહી વ કબીલતો જમીએ અહકામેહી;** "હું પરમેશ્વર ઉપર વિશ્વાસ લાવ્યો જેવા કે તે છે પોતે પોતાના ગુણો સહીત, અને સ્વીકારૂ છું તેની સર્વ આજ્ઞાઓને"

જો કોઇ પ્રશ્ન કરે કે તેના ગુણો કયા કયા છે? અને કયા ગુણ ઉપર તમો વિશ્વાસ લાવો છો? તો તમે સત્વર કહી દો કે તે પરમેશ્વર એક છે. અમર છે, સરજનહાર છે, પોષણકર્તા છે, સર્વ શકિતમાન છે, સર્વજ્ઞ છે, સર્વ શ્રોતા છે, અને સર્વદર્શી છે. અને અમો તેના આ સર્વ ગુણો ઉપર વિશ્વાસ લાવીએ છીએ. પછી જો કોઇ પ્રશ્ન કરે કે તેની આજ્ઞાઓ શાશી છે? તો કહો કે તેની **પહેલી** આજ્ઞા એ છે કે તેને **એકલો** જાણવો, અને તેના સર્વ ગુણોમાં બીજા કોઇને શામિલ ન સમજવો, અને તેના **પેગમ્બરો** તેના **પુસ્તકો** અને **ફીરસ્તાઓ** (સ્વર્ગ દુતો) ને સત્ય જાણવા.

બીજી આજ્ઞા એ છે કે દીવસમાં પાંચ વખત **નમાઝ** પડવી, એટલે પરમેશ્વરની પ્રાર્થના કરવી. ત્રીજી આજ્ઞા એ છે કે વર્ષમાં એક માસ કે જે મુકરર કરેલો છે તેમાં રોઝા રાખવાં, એટલે ઉપવાસ કરવા. **ચોથી** આજ્ઞા એ છે કે દરેક વર્ષે પોતાની મીલકતમાંથી ચાલીસમો ભાગ ગરીબ તથા અપગ માણસોને **ખેરાત** તરીકે આપવો. **પાંચમી** આજ્ઞા એ છે કે ખાનએ કાબાની **હજ** કરવી, એટલે કે એક વખત જરૂર પવિત્ર મકકે યાત્રા સારૂં જવું.

હવે આટલી બધી બાબતોથી ઇશ્વરી આજ્ઞાઓની ખુબીઓ તમારી નજર આગળ મુકવામાં આવે છે; અને તેથી તમારા મનને ખાત્રી થશે કે, ધર્મની દરેક બાબત ઘણીજ ખુબી, મહત્વતા, અને ફાયદા ભરેલી છે.

વઝુ એટલે ધર્મ ક્રિયા માટે

પાણીથી હાથ પગ ધોઇ સ્વચ્છ રહેવું તેના ફાયદા.

૧ નમાઝ એટલે ઇશ્વરી પ્રાર્થનાને માટે પ્રથમ એ અવશ્યનુ છે કે વુઝુ કરવું, એટલે કે હાથ પગ અને મ્હોડું ધોવાં, તેથી પાંચ વખત મ્હોડું ધોવાનો હુકમ એટલા માટે આપવામાં આવ્યો છે કે જે ધુળ હર વખત ઉડે છે તેનાથી અમારો ચહેરો સાફ રહે. અને અમારૂ મન સ્વચ્છતા તરફ વધારે આકર્ષાય.

૨ દીવસ પોતાના કામકાજ અને પરીશ્રમ માટે છે; નહીં કે એ ફરકારી અને આળસમાં ગુમાવા માટે. અને પાણી એવી વસ્તુ છે કે જ્યારે મોંહ અને આંખો ઉપર પડે છે ત્યારે શરીરની તમામ સુસ્તી અને આળસ દુર થઇ જાય છે. અને જ્યારે વારંવાર એટલે દીવસમાં પાંચ વખત સુસ્તી દુર કરવાનો ઉપાય કરવામાં આવે, અને કેટલાક વખત સુધી મોંહ ઉપર પાણી નાખવામાં આવે ત્યારે શરીરમાં જાગૃતી અને ચપળાઇ આવ્યા વિના રહે નહીં. તેથી આળસ અમારાથી દુર રહેશે, અને અમોને તેથી સુસ્ત અને આળસુ થવાનો પ્રસંગ મળશે નહીં.

૩ દરેક કામ આરંભવા પહેલાં અમારે સાવધ થઇ હોશમાં આવવું જોઇએ, અને કમ્મર કસી તૈયાર થઇ જવું જોઇએ. હાથ મોહડું ધોવાથી માણસ હોશમાં આવી જાય છે. તેથી ઇશ્વરી પ્રાર્થના માટે સજ્જ થવા મોંહ હાથ ધોવું એ ઘણુંજ અવશ્યનું છે.

૪ **તયમ્મુમ** (પાક માટીથી વુઝુ કરવુ તે) કે જેને પાણીના વુઝુને બદલે ફરજ તરીકે ગણવામાં આવ્યુ છે તે એટલાજ માટે કે, કોઇ આજારી અથવા જખમી માણસ કે જેને પાણી કોઇ પ્રકારનુ નુકસાન પહોંચાડતુ હોય, અને જેઓને પાણી બીલકુલ તે વખતે ન મળી શકતું હોય, તેઓ વુઝુ કરવાથી લાચાર હોય છે; અને તેવી સ્થીતીમાં તેઓને પાણીના વુઝુથી મુકત કરવા જોઇએ. પરંતુ પરમેશ્વરે નમાઝ પડનારાઓ માટે એક ખાસ નિયમ મુકરર કરી આપેલો છે. અને તે કાયદો તુટવા ન પામે તેટલા માટે આ

તયમ્મુમ વુઝુ અસલ પાણીના વુઝુની નકલ પ્રમાણે કરવા હુકમ આપ્યો. અને તે એટલાજ માટે કે જે લોકો પાણીથી વુઝુ કરી શકતા નથી તેઓ વુઝુના કાયદાથી જુદા ન પડી જાય, વુઝુ કરવાનો મહાવરો ન છોડે, અને કાયદો ન તોડે.

૫ પવિત્ર માટીથી વુઝુ (તયમ્મુમ) કરવાથી એ પણ ફાયદો છે કે પોતાના મોંહ અને હાથ ઉપર માટી લગાડવાથી પરમેશ્વર તરફ પોતાની આજીજી અને નમ્રતા જાહેર થઇ શકે છે. પરમેશ્વરને આજીજી અને નમ્રતા ઘણાંજ પસંદ છે. અને તેથી પરમેશ્વરે સર્જેલા પ્રાણીએ અહંકાર અને મગરૂબી જાહેર કરવી તે કેવળ અઘટિત છે.

૬ અમો માટીમાંથી પેદા થયા છીએ અને પાછુ માટીમાંજ મળી જવાનું છે એ વાતનો ઇશારો આ તયમ્મુમ વુઝુમાં માલુમ પડે છે. અને વારવાર અમોને પોતાની હસ્તી અને નાશપણાનું સ્મરણ કરાવે છે: કે જેથી અમો ધ્યાનમાં રાખીએ કે અમો કાઇ ચીજ નહોતા. પરંતુ એક હલકી માટીથી પરમેશ્વરે મનુષ્યાકાર રૂપી જામો પહેરાવ્યો છે, અને **અશ્રફુલ મખલુકાત** એટલે "સર્વ પ્રાણી શ્રેષ્ઠ" નો હોદ્દો આપ્યો છે. અને તેથી તેની **બક્ષીસો**, તેની કૃપાઓ, અને તેના એહેસાનો નો આભાર માનતા રહીએ, અને તેની રજામંદીના કામોમાં સદા તત્પર રહીએ. પોતાનાં બળ, જુવાની, દોલત, માલ, ગૌરવ, અને સૌંદર્યતા ઉપર કદી ફુલાઇ ન જવું જોઇએ. કારણ કે આ શરીર પાછું માટીમાંજ જવાનું છે. મતલબકે અમારી પાસે આ ચીજો પૈકી કોઇ પણ ચીજ રહેવાની

નથી એટલા સુધીકે આંખ, નાક, કાન, મોંહ હાથ પગ વિગેરે તમામ કીમતી સાધનો અમારી પાસેથી છીનવી લેવામાં આવશે, અને અમો માટીમાં મળી જઇ આખરે માટી થઇ જઇશું. પછી જ્યાં સુધી તેની મહેરબાની ન થાય, ત્યાં સુધી અમો કોઇ પણ રૂપ ધારણ કરી શકવાના નથી.

૭ યુરોપનો મુલક ઘણોજ ઠંડો છે. અને ખાસ કરી ઉત્તર તરફ જેટલા દેશ છે, ત્યાં બધે એવી સખત ટાઢ અને બરફ પડે છે કે, નદીઓનું પાણી પથ્થરની માફક બાઝી જાય છે; અને ઘરના વાસણોનું પાણી પણ ઠરીને બરફ થઇ જાય છે. તેટલાજ કારણને લીધે યુરોપના રહેવાસીઓ છરી કાંટાથી ખાય છે, અને ખાણાને હાથ લગાડતા નથી. કેમકે પાછળથી હાથ ધોવાની તકલીફ ન પડે. તેઓ જાજરૂમાં પણ કાગળનો ઉપયોગ કરે છે. અને તેથી એવા લોકોને વુઝુ કરવું ઘણું મુશ્કેલ માલુમ પડે છે તેટલા માટે સર્વ શકતિમાન પરમેશ્વરે ખાસ કરીને એવાજ દેશના લોકો માટે વુઝુને બદલે તયમ્મુમનો હુકમ જારી કર્યો. અને જાજરૂમાં પાણીના બદલે માટીનાં ઢેફાંનો ઉપયોગ કરવાની પરવાનગી આપી.

નમાઝ (ઇશ્વરી પ્રાર્થનાના ફાયદા)

૧ અમોને પરમેશ્વરે પેદા કરેલા છે, તેજ અમોને રોજી આપે છે, તેનીજ પાસે અમારે પાછું જવાનું છે, અને તેનાજ હાથમાં અમારૂં કલ્યાણ છે; તો પોતાના માલીક આપણા સર્જનહારની યાદ અમારા મનમાંથી કહાડી નાખવી ન જોઇએ તેટલા માટે, બબ્બે ચચ્ચાર કલાકને અંતરે દીવસમાં પાંચ વખત અમે તેનું સ્મરણ કરીએ છીએ. એટલે કે સંસારના કાર્યોમાં જે અમારૂં મન લપટાએલું છે તે હવે એવું ન રહે કે અમો તેને કોઇ પણ વખત વિસરી જઇએ. અને જેથી કરી પરમેશ્વર અને લોકો અમોને નગુણા, અને અવિશ્વાસુ ગણે. દુનિયામાં આ વખતે અનેક ધર્મો છે, પરંતુ ઇનસાફની રાહે જોતાં મુસલમાનો બરાબર પરમેશ્વરનું સ્મરણ અન્ય ધર્મવાળા ભાગ્યેજ કર્તા હશે. અને કોઇ ધર્મમાં આવી વારંવાર તાકીદ સાથે ઇશ્વર સ્મરણની બરાબરી માલુમ પડતી નથી.

૨ નમાઝ માટે શરીર અને વસ્ત્રો પણ સ્વચ્છ રાખવાની આજ્ઞા કરવામાં આવી છે; માટે પાક સાફ રહેવાની અવશ્યકતાને લીધે અમોને મેલા તથા ગંદા રહેવાનો પ્રસંગ મળતો નથી; અને અમારી સાથે બેસનારાઓને પણ અમારાથી અણગમો, અને તુચ્છકાર થતો નથી. અને એ રીતે દરેક માણસનું વલણ સ્વચ્છતા તરફ દોરાતું થઇ જાય છે.

૩ નમાઝ પડતી વખતે બધા માણસો હારબંધ હાથ બાંધી અદબથી ઉભા રહે છે, અને પછી સીજદો કરે છે; એટલે કે પોતાનું

કપાળ જમીન સાથે લગાડી પરમેશ્વર આગળ નમન કરે છે, આથી તેઓની **નમ્રતાના** ચિન્હો જાહેર થાય છે. તેમજ ઉઠવા બેસવાથી શરીરના દરેક ભાગમાંથી આળસ અને સુસ્તી દુર થઇ જાય છે. કારણ કે જે માણસને ઉઠવા બેસવાની કસરત કરવી પડે છે, અને જેને તેની મહાવરો પડી જાય છે, તેના શરીરમાં **ચપળતા** અને ફુર્તી વધે છે. અને આવો ચંચળ સ્વભાવ મરતાં સુધી કાયમ રહે છે, કદી પણ બદલાતો નથી. જે લોકોને તેનો મહાવરો નથી તેઓને પોતાનું શરીર હલાવવું ચલાવવું કેવું ભારે માલુમ પડે છે તે તેમનેજ પુછવાથી જણાઇ આવશે.

૪ નમાઝનો જ્યારે અમોને મહાવરો પડી જાય છે, ત્યારે વખતના નિયમિતપણાનો અમોને ખ્યાલ રહે છે. અને વખત આવવાની રાહ જોઇએ છીએ. અને પ્રથમથીજ સજ્જ થઇ રહીએ છીએ, કે **(જમાઅત)** પ્રાર્થના કરવા આવેલા લોકોની સભાથી અમે વિખુટા ન પડી જઇએ. કારણકે સંસારના દરેક કાર્યમાં **નિયમિતપણાની** આદતજ અમોને સુધારી સારા પાયા ઉપર લાવી મૂકે છે. અને વખતની કીમત તથા કદર શીખવે છે, કે જેથી અમો કોઇ પણ કામમાં પોતાનો વખત ચુકતા નથી.

૫ અમારે નમાઝ તો ફકત પાંચ વખત પડવી પડે છે; પરંતુ નમાઝનો વખત વીતી જવો ન જોઇએ. કે જેથી નમાઝ અમારા હાથથી નીકળી જાય. તેનો ચટકો હમેશાં અમારા મનમાં રહે છે. અને તેથી પરમેશ્વરની **સ્તુતીનું ધ્યાન** અમારા દીલમાંથી કામ-

કાજ વખતે પણ જવા પામતું નથી; અને તેના નિરંતર સ્મરણમાંજ અમે આનંદ માનીએ છીએ. આ બાબત પણ અમોને નમાઝેજ શીખવી છે.

૬ પ્રાતઃકાળે સુર્યોદય થતાં પહેલાં ઉઠવું એ ઘણુંજ ઉતમ છે. ડાહ્યા અને સમજુ માણસો હમેશાં સવારે જલદી ઉઠયાં કરે છે. તેથી અમારે પણ સવારે **જલદી ઉઠી** પરમેશ્વરની બંદગીથી નવરા થઇ, સુર્યોદય થતાં સુધી કામકાજમાં વળગી જવુ, તે અમારી હુશિયારી અને ચપળતા સાબિત કરે છે. અને તેવીજ રીતે હુશિયાર માણસ સવારથી સાંજ સુધી હરેક કામમાં મચ્યો રહી આળસ, સુસ્તી, અને નિંદ્રાને પાસે આવવા દેતો નથી, અને દીવસમાં ઘણું ઘણું સફિન કરે છે. એટલે કે પોતાના બાલબચ્ચાં સબંધીના સર્વ કામો તેના [illegible] રીતે પાર પડી શકે છે.

૭ **નમાઝ ઐકયના જડમુળને મજબુત કરે છે.** મહોલ્લાવાળા તેમજ જુદા જુદા ઠેકાણાના માણસોને દીવસના પાંચ વખત એકજ ઠેકાણે એકઠા થવુ પડે છે. અને તેટલા માટે એવા લોકોમાં જ્યારે પાંચ વખત મુલાકાત અને સલામ થતી રહે, તો પછી તેમનાનાં કલેશ, કુસંપ, અને શતરવટ થવાનો સંભવ રહે નહીં અને જો એક માણસને લોકો બીજાથી રીસાએલો અને અબોલો જોશે, તો જરૂર તેની ખોજ કરી જેનો વાંક હશે તેને ઠપકો આપી તે બનેનું સમાધાન કરશે.

૮ જો કોઇ દુષ્ટ માણસ બે મુસલમાનોમાં કંકાસનું મુળ નાંખવાના હેતુથી કાંઇ સાચી જુઠી કરે, અથવા કોઇની ચાડી કરે,

નો તેથી કલેશ, તેમજ ખટપટ વધતાં જાય અને તેટલા માટે જ્યાં સુધી તે પોતે જાતે મળી પોતાના વિષે થએલી વાતનો ખુલાસો ન કરે, ત્યાં સુધી સમજુતી થવી તે કેવળ અશક્ય છે. પરંતુ હરરોજ નમાઝની વખતે મુલાકાત થતી રહેવાથી એ ફાયદો થશે કે, જેના અંતઃકરણમાં ખેદનો તાજો ઘા વાગ્યો હશે, તે પેલી વાત કહી જીભ ઉપર લાવ્યા વગર રહેશે નહીં- અને તેથી તુરત સાચા ખોટાનો ભેદ માલમ પડી જશે. જો સાચી વાત હશે અને તેણે ખરેખર કાંઇ કર્યું હશે તો તે પોતે ઘણોજ ઝંખવાણો પડશે; અને પોતાથી થએલી ચુખાઇ વિશે પશ્ચાતાપ કરશે, અને ભવિષ્યમાં નિંદા તેમજ કુથલી કરવાની ટેવ છોડી દેશે. જો ખોટી વાત હશે તો મેણું મારનારના મનનો મેલ નીકળી જશે અને જેણે લડાવી મારવાની વાતો કરી હશે, તે પોતાના કરેલા કૃત્ય માટે ઘણોજ પસ્તાશે અને ઊંડો તેના વિશે ખોટો મત બાંધી તેને વારંવાર હલકો પાડશે.

૯ હમેશાં મહોલ્લાવાળા અને પાડોશીઓથી મેળાપ થતો રહેશે, તો તેથી તમોને પોતાના કામકાજમાં તેઓની મદદ લેવાનું અને પોતાની વિટંબણાઓ અને અડચણો તેઓ આગળ દર્શાવી તેમની સલાહ લેવાનું સુગમ પડશે. અને જે કામ ચાર માણસોની સલાહ સંપથી થાય છે, તે બીજા કશાથી થતું નથી. જો કોઇ માણસ એવું સંભાળી લે કે તમે અમુક કામ ઠીક ન કર્યું,' અને કોઇની સલાહ ન લીધી, તો તે જ્યારે તમોને મળશે તો જરૂર તે વિશે તમોને ઠપકો આપશે; અને તેથી તમો ફરી કોઇ કામ વગર સલાહે કરશો નહીં

૧૦ તમારા અને તમારા સંબંધીઓ વચ્ચે કોઇ પ્રકારનો વિરોધ પડી જાય, અને તમારે કોરટમાં ચડવું પડે તે પહેલાં તો તમારા મહોલ્લાવાળા જાતે વચ્ચે પડી તેનું સમાધાન કરી નાખવાની તજવીજ કરશે. અને જ્યારે તમે તમારૂં કામ પંચને સોંપશો તો તે ન્યાયાધીશોના પ્રમાણમાં તેનો જલદી અને સુગમ ફેસલો આપશે. કારણકે તેમાંના ઘણાખરા કાજી અને ન્યાયાધીશથી પણ વધારે વાકેફ હોય છે. એટલે કે આ ફાયદો પણ પાંચ વખત પ્રાર્થનાસ્થાન (મસજીદ) માં જવાથીજ પ્રાપ્ત થાય છે.

૧૧ મસજીદમાં તમોને પોતાના પાડોશીઓની સારી માઠી હાલત જોવાનો પ્રસંગ મળશે, અને કોણ સુખી છે, અને કોણ દુઃખી છે વીગેરેથી વાકેફ થશો. અને જેને તમ ચોથરે હાલ જોશો તેની ખબર લેવાનું તમોને જરૂર વલણ થશે. તમારામાં જેટલા સાધન હશે તેમને ગરીબ પાડોશીઓની મદદ કરવાની, અને તેમને ઉત્તેજન આપવાની તક મળશે શાસ્ત્રમાં પણ **પાડોશીની મદદ** વિષે કેટલું બધું કહેલુ છે.

૧૨ મહોલ્લાના સંપ અને એકયની મજબુતી માટે તો આ તો બંદોબસ્ત છે. પરંતુ દરેક શુક્રવારે મુસલમાનોને શહેરની મોટી જામા મસજીદમાં અને પ્રત્યેક વર્ષે બંને ઇદના ઉત્સાવો પર ઇદગાહમાં એકઠા થઇ, પ્રાર્થના કરવાનો હુકમ ફરમાવવામા આવેલો છે. અને તે એટલાજ માટે કે શહેરના લોકોથી પણ તેઓનો સંપ જારી રહે. અને તેમની હાલતથી પણ તેઓ અજ્ઞાન ન થઇ જાય. જે લોકો સંસારના કામકાજમાં મંડ્યા રહે છે, અને જેમને પોતાની

જંજાળમાંથી જરાપણ અવકાશ મળતો નથી, તેમને વર્ષો સુધી શહેરના બીજા લોકોની મુલાકાત કરવાની તક મળતી નથી, અને વગર કારણે કોઇ કોઇને મળવા જતું નથી. તેટલા માટે શુક્રવારની અને બને ઇદોની નમાઝ એ લોકોને મળવા હળવાનું ખાસ કારણ અને સાધન થાય છે.

૧૩ શુક્રવારની નમાઝને માટે નાહવાનો, ધોએલા સ્વચ્છ વસ્ત્ર પહેરવાનો, અને સુગંધીનો ઉપયોગ કરવાનો હુકમ મળેલો છે. તેનું કારણ એકે એક જગાએ વધારે માણસોના ભેગા થવાથી ખરાબ હવા ન પ્રસરે અને લોકોની તંદુરસ્તીમાં કોઇ પ્રકારની હાની ન થાય.

૧૪ દરેક શુક્રવારે ખુતબો (ધર્મ વ્યાખ્યાન) સાંભળવાનુ ફરમાવેલુ છે ખુતબો એટલે ધર્મબોધ, નસીહત સુચના, શીખામણ, વીગેરે. તેને મસ્જીદમાં **સર્મન** અથવા **ઓરેશન** કહે છે, દરેક અઠવાડીએ બોધ સાંભળવો તે મુસલમાનો ઉપર ફરજ છે. અને તે એટલા માટે કે તેઓ આપમતિયા અને ઉદ્ધત થઇ ખોટે રસ્તે ન દોરાય. બલકે સારાં નરસાં કામોનાં પરિણામો સાંભળતા રહે, અને ધ્યાનમાં રાખે. હમેશાં એવી રીતે બોધ સાંભળવાથી જરૂર કોઇને કોઇ દીવસ માણસના મન ઉપર અસર થઇ જાય છે. તેથી આ ફાયદો કાંઇ ઓછો ન કહેવાય. અને ધર્મબોધકોને જોઇએ કે જે દુરગુણોમાં લોકોને પડેલા જુવે તે વિશે તેમને બોધ કરે. તેમને ધાર્મિક તેમજ સંસારિક બંને નુકસાનોમાંથી બચાવવા સુચના કરવી જોઇએ; પરંતુ અફસોસની વાત છે કે હાલના

બોધકો પોતાના બાપદાદાથી જે એ બોલ શીખ્યા છે, તેજ ધર્માસન પર ચઢી વારંવાર સંભળાવે જાય છે. જમાનો, વખત અને બાબત બીલકુલ ધ્યાનમાં રાખતા નથી. તેઓએ લોકોની માઠી હાલત સુધારવા વિષે કોઇ પણ સુચના આજ સુધી દર્શાવી નથી. મિસ્તર અલતાફ હુસેન કે જે "હાલી" ના નામથી પ્રખ્યાત છે. તેગણે જે જે સુચનાઓ અને જે જે બાબતો દર્શાવી છે, તેજ આ વખતે બોધ કરવા યોગ્ય છે; અને એજ માઠા બનાવ હાલના મુસલમાનોમાં સાધારણ રીતે દ્રષ્ટિએ પડે છે. નહિ તો "પોપટ પંખા ચતુરસુજાણ" કહી ઉભા રહી જવું તે પોતે કેવળ પોપટજી બનવા યોગ્ય છે. અને આથી કોઇને કાંઇજ ફાયદો થતો નથી.

૧૫ નમાઝ પડવા માટે જ્યારે **ઉભા** રહીએ છીએ તો "અલેફ" અક્ષરની આકૃતિ થાય છે. અને જ્યારે ઘુટણ ઉપર હાથ દઇ વાંકા વળીએ છીએ ત્યારે "હે" અક્ષરની આકૃતિ પેદા થાય છે; અને જ્યારે વધારે વાંકા વળી પોતાનું કપાળ **ભોંયપર** લગાડી-પરમેસ્વર સામે **નમન** કરીએ છીએ ત્યારે 'મીમ' અક્ષરની આકૃતિ બની જાય છે, અને જ્યારે **કાયદાથી**, એટલે કે ઘુંટણીએ બેસી બને હાથ બને પગ ઉપર ઘુટણ સુધી લાંબા કરી પ્રાર્થના કરવા બેસીએ છીએ ત્યારે "દાલ" અક્ષરની આકૃતિ નીકળે છે, એવી રીતે નમાઝમાં ,'અલેફ" "હે" "મીમ" અને "દાલ" નામના ચાર અક્ષરો નીકળે છે. અને આ ચારે અક્ષરો મેળવવાથી "એહમદ" નામ થાય છે. "એહમદ" તે હઝરત મહંમદ પેગંબર સાહેબનું એક ખાસ નામ છે. તેથી **નમાઝના નિયમોમાં હજરત મહંમદ પેગમ્બર સાહેબનું નામ જાહેર થાય છે.**

રોઝા (એટલે ઉપવાસ) ના ફાયદા.

૧ પહેલો ફાયદો રોઝા રાખવામાં એ છે કે અમોને ભુખ અને તરસ સહન કરવાનો મહાવરો પડી જાય છે. એટલે કે જો કદાચ કોઇ દીવસ ભુખ્યા તરસ્યા રહેવાનો પ્રસંગ આવી જાય તો અમે ઢીલા મનના, નાહિમતવાન, અને નાજુક સ્વભાવના ન બની જઇએ, બલકે સંકટ સહન કરનારા બહાદુર અને મજબુત મનના સાબિત થઇએ. માણસ પોતાના મનને જેવું બનાવવા ચાહે તેવું બની જાય છે, અને જ્યારે અમોને અમારા મન ઉપર સત્તા અને અખત્યાર છે, ત્યારે અમો તેને કેમ મજબુત અને કઠણ ન બનાવીએ ?

૨ બીજો ફાયદો એ છે કે જ્યારે પરમેશ્વરે અમોને દરેક પ્રકારના ઉત્તમ ભોજન અને પકવાનો આપ્યાં છે, ત્યારે અમે જાણી જોઇને કેમ ભુખ્યા રહીએ ? અને જ્યારે અમો કદી ભુખ્યા તરસ્યા નહી રહીએ તો અમોને ભુખ્યાં તરસ્યાંનાં દુઃખ અને સકટની શી કદર થવાની હતી ! માટે એનો "આપ મુવા વિના સ્વર્ગે ન જવાય."

૩ ત્રીજો ફાયદો એ છે કે ભુખ સર્વ તૃષ્ણાઓ અને મનકામનાઓને ઓછી કરે છે. તૃષ્ણાઓ તે સર્વ પાપોનું મુળ છે. તેટલા માટે પાપ અને [illegible] માટે દરેક વર્ષે આવી તૃષ્ણાઓના [illegible] કરવો તે ઘણોજ જરૂરનો અને હિતકારક છે.

૪ ચોથો ફાયદો એ છે કે રોઝા રાખવામાં જેવાં ખાવા પીવાનાં મનાઈ હુકમો ફરમાવવામાં આવ્યાં છે, તેવાંજ જુઠું બોલવામાં, ગાળો કહાડવામાં, અને નિંદા કરવામાં પણ છે. આવી બાબતોથી પણ રોઝાનો ભંગ થાય છે અને માણસ પાપના ખાડામાં પડે છે. તેથી અમોને ત્રીસ દીવસ સુધી ઘણોજ ખ્યાલ રાખવો પડે છે. કે, રખેને મહોડામાંથી કાંઈ અસત્ય વસ્તુ નીકળી જાય. અને આવી રીતે એક મુદ્દત સુધી ખ્યાલ રહેવાથી નઠારી વાતો દુર થઈ જાય છે. એ તો સ્પષ્ટ છે કે જે કામ વીસ, ત્રીશ, અથવા ચાલીસ દીવસ સુધી કરવામાં આવે, તો પછી તે કામ જો કે અઘરૂ હોય, તો પણ સરળ અને સહેલું થઈ જાય છે. તેથી અમારામાં જુઠું બોલવાની, નિંદા કરવા વીગેરેની જે જે કુટેવો હશે તો તેના ઉપાય એક મહીના સુધી જીભ બંધ રાખવાથી સારી રીતે થઈ જશે. અને જો ફરી ઇશ્વર ન કરેને ખોટી સોબતથી કદાચ આવી કુટેવ અનાગમાં આવી જાય, તો તેને માટે બીજે વર્ષે ફરી ઉપવાસનો પવિત્ર રમઝાન માસ તેના ઇલાજને માટે તૈયારજ છે.

૫ રોઝા કે જેને લોકો ઘણીજ મુશ્કેલ ચીજ ગણે છે, તે સાચું પુછો તો કાંઈ મુસ્કેલ નથી. જેવી રીતે રાતના બાર કલાક અમો ખાધા પીધા વગર ગુજારીએ છીએ, અને અમોને કાંઈ મુશકેલી નડતી નથી, તેવીજ રીતે રમઝાન (ઉપવાસ) માસમા અમોને દીવસના બાર કલાક ગુજારવા પડે છે; અને દીવસને બદલે રાત્રે અમો સારી રીતે અન્ન પાણી વીગેરેનો ઉપયોગ કરી

ગણીએ છીએ, તો પછી મુશ્કેલી શાની? પરમ દયાળુ પરમેશ્વરે અમારા ઉપર એવો કાંઇ બોજો નાખ્યો નથી કે જેનું ઉપાડવું અમોને ભારે થઇ પડે. પરમેશ્વરે શાસ્ત્રમાં પણ ફરમાવ્યું છે કે "પરમેશ્વર તમારા હકમાં સહેલાઇનો ઇરાદો રાખે છે, નહી કે અણતાઇનો" એટલે કે દયાળુ પરમેશ્વર અમારાં દરેક કામ સહેલાં કરવામાં રાજી છે.

જકાત (મીલકતમાંથી ચાલીસમા ભાગની ખેરાત કરવી તે) ના ફાયદા.

૧ પરમેશ્વર પરિક્ષા લે છે કે જોઉં મારા સેવકોને ધન વહાલું છે કે હું અને મારાં ફરમાનો, ઇસલામનો અર્થ શીર ઝુકાવવું થાય છે, અને અમોએ જ્યારે પવિત્ર પુજ્ય પરમેશ્વર આગળ માથું નમાવ્યું, અને એની તાબેદારી અમોએ તન મન અને ધનથી, એટલે ખરા અંતઃકરણથી કબુલ કરી ત્યારે પરમેશ્વરે પણ અમારી પરિક્ષા, અને અમારી અજમાયશ એવી બારીકાઇથી લેવા માંડી કે, શરીરની કસોટી સારૂ નમાઝ અને રોઝાનો હુકમ આપ્યો, કારણકે આથી શરીરને કાંઇક મહેનત વેઠવી પડે છે. મનની કસોટી સારૂ દુષ્ટ કર્મોથી બચવાની, અને મનને ખરાબ વાંચ્છનાઓથી રોકવાની આજ્ઞા આપી. અને ધનની પરીક્ષા માટે જકાત ફરજ કરી,

હવે તન, મન, અને ધન એ ત્રણેની અન્જ્માએશ આ પ્રમાણે થઇ ગઇ. જેમણે શુદ્ધ અંતઃકરણથી પરમેશ્વરને પોતાનો માલીક સ્વીકાર્યો છે, અને જેમણે તેની આગળ માથું નમાવ્યું છે, તેઓ કદી તેની આજ્ઞાઓથી માથું ઉઠાવશે નહીં અને કદી તેની પ્રાર્થનાથી મોહડું ફેરવશે નહી.

૨ દુનિયામાં માણસને માણસની ઓળખ જરૂર હોવી જોઇએ કે, ફલાણો સારો છે કે નઠારો તેટલા માટે પરમેસ્વર જે પરિક્ષા લે છે તે ફ્કત આપણા પોતાના લીધેજ નહિ, પરંતુ સર્વે લોકોને દેખાડી આપવા માટે કે, આ માણસ જ્યારે પરમેસ્વરની આજ્ઞાઓ આવું વર્તન કરે છે તો બીજાઓની બાબતમાં કરે તેમાં શી નવાઇ! તેટલા માટે લોકોએ એનાથી સાવધ રહેવું જોઇએ. આ પરિક્ષામાં તરતજ માણસની હકીકત જાહેર થઇ જાય છે, અને તેનું પોત અને કલઇ ઉઘડી જાય છે કે, આને તો ધન વહાલું છે કે પરમેસ્વર તેથી અમોને કાંઇ પણ બાબતમાં આવા માણસની પરિક્ષા કરવાની જરૂર રહેતી નથી.

૩ કંજુસાઇ એ એવી નઠારી ટેવ છે કે પરમેશ્વર તેમજ તેના સરજેલા તમામ પ્રાણીઓ તેને ધિકારે છે. તેથી તેને દુર કરવા માટે, અને લોકોના મનમાં ધનની પ્રીતી ન થવા દેવા માટે, આ હુકમ આપવામાં આવ્યો છે. ધનદોલત દુનિયામાં ખરચવા માટે છે; છાતી પર બાંધી સાથે લઇ જવા માટે નથી. દુનિયામાં સુખચેન મેળવવા માટે છે, કાંઇ ભરી મુકવા માટે નથી. તેથી ધિક્કાર છે એવા માણસની બુદ્ધિને કે જેઓ ધન દોલતની પ્રીતીમાં

ન થઈને, પોતે તેનો ઉપયોગ કરે છે ન બીજાને કરવા દે છે મનુષ્ય અવતાર આવ્યો છે કે આવશે તો વળી દોલતને ઇશ્વર મારશે. તેમજ પોતાની જાતને વાસ્તે ન ખરચતાં, તેનું સેવન કરવું તે કેવું બેવકુફાઇ ભરેલું છે!

૪ દરેક ધનવાન માણસની એ ફરજ છે કે, જ્યારે તે પોતે પોતાનાં સંસારિક સુખ, અને વૈભવ સારૂ ચાર પૈસા ખરચે છે, તો તેણે એજ પ્રમાણે બીજા ગરીબ, અને કંગાલ માણસોના આરામ માટે પણ ખરચવાજ જોઇએ, આટલી રહેમ નજર, અને અનુકંપા માણસે માણસ તરફ દેખાડવીજ જોઇએ. તેટલા માટે મહેરબાન ગૃહસ્થો ધનવાનને નિર્ધન ઉપર દયા લાવવાનું શિક્ષણ પણ જકાતથીજ મળે છે.

૫ જો જકાત રૂપી ખેરાતનો હુકમ ન આપવામાં આવ્યો હોત, તો ગરીબ, નિર્ધન, અને કંગાલ માણસોના દુઃખદરદ અને સંકટો દૂર કરવાનું કોણ માથે લેત; અને તેમની શી દશા થાત? જો કદાચ સો પૈસાદારમાંથી એકાદ દાતાર, સખી, અને ઉદાર વીરલો નીકળી આવત તો તેની દોલત સર્વે ગરીબોનું શી રીતે પુરૂં કરી શકત? તેથી પરમેશ્વરે ધનવાન માણસો ઉપર એક સરખો વેરો લગાવી તેમને ગરીબોના જુમ્મેદાર બનાવ્યા, કે જેથી તેઓ પરમેશ્વરે પોતાને જે જે સુખસાધન આપ્યાં છે તેનો આભાર માની, ગરીબો-ની મદદ તથા સહાયતા કરે; અને તેથી દુનિયાંમાં દરેક જણને સુખે જીંદગી ગુજારવાનું સાધન મળે. અને ગરીબ લોકો ઘેર ઘેર ભીખ માંગતા અટકે.

૬ જકાતની રકમ પરમેશ્વરે ઘણીજ હલકી એટલે ચાલીસમા ભાગની મુકરર કરેલી છે. જો ચોથો ભાગ મુકરર કરવામાં આવ્યો હોત તો, તેનું કહાડવું ઘણુંજ ભારે થઇ પડત. તેથી આ વેરો પરમેશ્વરે ઘણોજ જુજ નાખ્યો છે. કારણ કે તે પોતે નથી ચાહતો કે આપણા સેવકો ઉપર વધારે બોજ નાખે, કે જેથી તેઓની હીમત તુટી જાય, અને પછી તેઓ ઇશ્વરી આજ્ઞા તોડી પાપના ખાડામાં પડે.

હજ (યાત્રાના) ફાયદા.

૧ લોકોના મનમાં દેશાટન અને મુસાફરીની ઇચ્છા ઉત્પન્ન કરવા માટે હજયાત્રા પરમેશ્વરે ફરજીયાત કરેલી છે. કે જેથી તેઓ દેશ તરફ પગલાં કરી દુનિયાંનો અનુભવ મેળવે.

૨ પરદેશની ચીજો જેવાંકે પોશાક, ભાષાઓ, હુન્નરવિદ્યા, વેપાર રોજગાર, આવક જાવક, કળાકૌશલ્ય, રીત રીવાજ, રાજ્ય નિયમો, રાજપદ્ધતી, વ્યહવારપદ્ધતી વીગેરેથી જો અમે વાકેફ થઇશું તો અમારી બુદ્ધી અને સમજમાં ઘણી વૃદ્ધી થશે. અમે જે વાતમાં, અને જે ઠેકાણે ખોડ ખાંપણ, અને અપુર્ણતા જોઇશું, તેને સુધારવા પ્રયત્ન કરીશું જો આપણા દેશની કોઇ વાત સારી માલમ પડશે તો, તેને તે દેશમાં ફેલાવવા તજવીજ કરીશું, અને જો પરદેશની

સૌથી પહેલી ઇસ્લા...
"જંગે બદર."

(લખનાર—નિઝામુદ્દીન કુરેશી.)

રસુલે કરીમ નબીએ અરબી સલ૦ ના મુબારક સમયમાં મક્કાના કુરેશ અને જુજ સંખ્યાના મુસલમાનો ના તદન સાચા ઇતિહાસીક બનાવોને સાદી અને માં વાર્તાના રૂપમાં લખ્યા છે. વાર્તા એવી ... દાયક રીતે લખી છે કે જેની કાંઇ પ્રશંસા થઇ શકતી નથી. વાંચકોની સમજમાં આવી શકે એટલા માટે અમે અત્રે તેમાં વર્ણવેલા વર્ણનનો ટુંક સાર રજુ કરીએ છીએ.

હજુરે અકરમ નબીએ અરબી હજરત મોહમદ સલ૦ના પવિત્ર જન્મ પહેલાં અરબસ્તાન અને ખાનએ કાઅબાની સ્થીતી હજરત સલ૦નુ મુબારક જન્મ, આપની રીસાલત, કુરેશોની દુશમની, ધીમે ધીમે ઇસલામનો મદીનામાં પ્રચાર, મોટા મોટા ખાનદાની અરબોનું ...લામની ગુલામીમાં આવવું, મક્કાથી હિજરત, અને લડાયક દીલ ...ના હુમલાઓની શરૂઆત ઇસલામની ફતેહ, બદરની ખુન્ખ્વાર અને છેવટે દુશમનોની હાર અને ઇસલામની ફતેહ.

ઉપરની બાબતોમાં દરેક જગ્યાએ ઇતિહાસિક નોટો લખવામાં આવી અને કેટલાક અજ્ઞાન લોકો તરફથી ઇસલામનો ફેલાવો તલવારથી ...વા જે આરોપ મુકવામાં આવે છે તેનું ખડન કર્યું છે ...મા કાગળ સુંદર છપાઇ મનહરણ બાંધણીના પુસ્તકની કીમત ... રૂપીઆ પોસ્ટેજ જુદું.

નિઝામીયા બુક ડેપો પાંચપટી અમદાવાદ.

જંગે ત્રીપોલ

વાંચ્યા બાદ અગર કોઈ પણ વાર્તા

જરૂર પડે તો

બાલકન લડાઇ

ને લગતીજ વાંચવી હોવા જોઇએ. બાહોશ ઇસ્લામી લેખક મી. નિઝામુદ્દીન કુરેશીએ પ્રખ્યાત જંગે ત્રિપોલી નામની વાર્તાના ચાર ભાગ લખ્યા પછી ચાલુ સમયની બાલકન લડાઇના કેટલાક બનાવોને

વફાદાર સુફીઆ.

નામની આ દીલચસ્પ વાર્તાના રૂપમાં લખ્યા છે. જેવી રીતે ત્રિપોલી વાંચકોનો ચાહ મેળવવા પામી છે તેવીજ રીતે આ વાર્તા પણ દરેક દરેક વાંચકનું મન હરણ કરવામાં ફતેહ પામી કીંમત માત્ર આઠ આના પોસ્ટેજ જુદું.

નિઝામીયા બુક

પાંચપટી અમદાવાદ.